






થયું છે વેપારીકરણ શિક્ષણ આવે ક્યાંથી?
ડોનેશનની માંગે ખંડણી 'દયા' આવે ક્યાંથી?
આવે ક્યાંથી વિદ્યા, શિક્ષક-વિદ્યાર્થી બંધાયા સ્વાર્થે -
કૂવા પડ્યા છે સાવ ખાલી, હવાડમાં આવે ક્યાંથી?
(શિક્ષણનું સ્તર ઉતર્યું)




સંજય ગુપ્તા,
સુષ્મા ને સોમનાથ -
સતાવે 'શનિ'
('કુંભ' પર પનોતી?!)

બતાવી દયા!
માનવતાનો પ્રશ્ન -
અસીલ પ્રત્યે?!
(નેતાઓની 'લલિત' કળા)

## ચિંતન

**સ્થાન એવ નિયોજ્યન્તે ભૃત્યાશ્ચા ભરણાનિ ચ । નહિ ચૂડામણિઃ પાદે, નૂપુરં મર્દ્નિ ધાર્યતે ॥**

'સેવકો અને આભૂષણને તેમના ઘટતાં - યથાસ્થાન - તેની લાયકાત મુજબના સ્થાને જ ઉપયોગમાં લેવા જોઇએ. માથાં પરના મુકુટમાં મઢવામાં આવતો મણિ પગમાં પહેરાતો નથી - અને પગનું ઝાંઝર માથામાં પહેરાતું નથી.'

સરકારમાં સચિવથી પટાવાળા સુધીના હોદ્દા છે. દરેકને તેમની કાર્ય ફરજની મર્યાદા નિશ્ચિત જ છે એમના અધિકાર પણ નિશ્ચિત છે છતાં અધિકારી ધોળી-કાળી દાઢીની ડાયરેક્ટ વફાદારી-પ્રેમ મેળવવા પોતાની મર્યાદાઓ ઓળંગી 'ન કરવાનાં' કામ કરે છે અને અધિકારીઓ કરાવે છે. દરેકે પોતાના પદની મર્યાદામાં રહેવું જોઇએ.

સેવકો-નોકર-ચાકર ને ઘરમાં અપાતી છૂટછાટ, અધિકાર ઘણીવાર જોખમી બને છે. ખાસ કરીને વરિષ્ઠ વયના વડીલો, જેનાં સંતાનો વિદેશ હોય, અને અહીં એકલા 'મિલ્કત' સાચવવા રહેતા હોય એ લોકો નોકર-ચાકર માટે વધારે પરાધીન હોય અને એમને મર્યાદાની બહારના અધિકાર આપી દેતા હોય છે. જેનાં એમને પરિણામ પણ ભોગવવાં પડે છે. લાયકાત અને સ્થાન મુજબ જ છૂટ આપવી જોઇએ.

અહીં આભૂષણનું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી છે.

## સુવિચાર

- વળગાડ દુર્ગુણોનો જ નહીં, સદ્‌ગુણોનો પણ હોઇ શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હાલના જમાનામાં સીધા માણસો પોતાની સાત્વીકતા પણ ઘરેણાની જેમ સાચવીને સંતાડીને રાખવી પડે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- કટોકટી વખતે ટકી જવા માટે ભગવાને આપણને એક અમૂલ્ય ભેટ આપી છે રડી પડવાની છૂટ - **રમેશ ઓઝા**
- મૈત્રી નથી પામ્યો એવા માણસના દુઃખની ખબર માત્ર એના ઓશિકાને જ હોય છે - **રમેશ પટેલ**
- સાચું જ્ઞાન ગહન આત્મચિંતન અને આત્મ નિરીક્ષણને અંતે જ પ્રાપ્ત થતું હોય છે- **જ્ઞાનસૂત્ર**
- સત્ય શીખવા માટે ધીરજપૂર્વક સાત વર્ષ શોધ કરવી જોઇએ... પરંતુ પોતાના સાથી માનવોને સત્ય કેવી રીતે જણાવવું તે શીખવા માટે ચૌદ વર્ષ જોઇએ - **ખલીલ જીબ્રાન**
- યુવાન, તું નાચે છે એવી મારી ફરિયાદ નથી, પણ તને તારો તાલ નથી, તું અન્યના તાલે નાચે છે એનું મને દુઃખ છે - **આઠવલેજી**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ ખાનગી અને ગુણવત્તા સભર શિક્ષણ આપતી શાળાઓ ગરીબ-ઓછા ટકા વિદ્યાર્થીઓને મફ્ત શિક્ષણ આપવામાં ઠાગા-હૈયા કરે છે ખરી જરુર એમને સારું શિક્ષણ આપવાની છે. એવી રીતે શિબિરોમાં પણ સારી તાલીમ માટે રજીસ્ટ્રેશનની ઊંચી ફી હોય છે. એમાં ગરીબ-મધ્યમ વર્ગ ક્યાંથી જઇ શકે?

જાપાનના વિદ્વાન દયાની ધ્યાની પંડિત બાન્કેઇ પણ ધ્યાનના શિબિર ચલાવતા હતા. આવી એક પાંચ દિવસની આશ્રમ શિબિર ચાલતી હતી.

આ શિબિરમાં એક યુવક બીજીવાર ચોરી કરતાં પકડાયો. પહેલીવાર તો વ્યવસ્થાપકે ઠપકો આપી છોડી દીધો હતો. પણ બીજીવાર પકડાયો એટલે એને બાન્કેઇ પાસે રજૂ કરવામાં આવ્યો અને વ્યવસ્થાપકે કહ્યું - આ યુવક બીજીવાર પકડાયો છે તેથી એને શિબિરમાંથી કાઢી મૂકવો જોઇએ.

બાન્કેઇએ કહ્યું, સાંજની પ્રાર્થના સભામાં નિર્ણય કરીશું. સાંજે પ્રાર્થનામાં બધા શિબિરાર્થીઓ એ એક સૂરે કહ્યું આને કાઢી મૂકવો જ જોઇએ.

બાન્કેઇએ નિર્ણય આપ્યો. જૂઓ તમે બધા તો સારા-નરસાંનો ભેદ સમજો છો. મારું કાર્ય આવા લોકોને સન્માર્ગે લઇ જવાનું છે. માટે હું આને કાઢીશ નહીં.

શાંતિ છવાઇ ગઇ. પેલો યુવક રડતો રડતો ઊભો થયો અને સંતના ચરણમાં ઢળી પડ્યો અને ચરણસ્પર્શ કરી ભવિષ્યમાં ક્યારેક ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

Email - sureshchandrabhatt18@gmail.com

# જ્ઞાન એ પ્રકાશ છે, અભય આપે છે, જ્ઞાન માણસને ચિંતામુકત કરે છે, સાચો જ્ઞાની હળવોફૂલ હોય છે

## લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

જીવનનું...
સૌથી મોટું સાથી ગુલાબ છે.
હાથમાં આપો તો યાર, અને વાળમાં લગાઓ તો પ્યાર છે.
માથા પર રાખો તો જ્ઞાન, અને પગમાં રાખો તો ધ્યાન છે.
કદર કરો એની એ સંત છે,
જયારે પડે શરીર ઉપર ત્યારે સમજો આપણો અંત છે!

આપણે સૌ ઘડીબેઘડી દિલ બહેલાવવા બગીચામાં જઈએ છીએ. ત્યાં પાર વગરના કૈ કેટલાયે રંગબેરંગી પુષ્પો ફૂલો આપણી આંખોમાં વસી જાય છે. દોસ્તો, ફૂલોની પણ એક અલાયદી આલમ હોય છે. આ જગતમાં ભાગ્યે જ કોઈ એવો વ્યક્તિ જોવા મળશે કે જેને પુષ્પનું આકર્ષણ ન હોય. પુષ્પ અને પ્રમદાની પ્રીત નોંખીઅનોખી છે, તેથી જ કવિ હૈયાં નારી નામનું ફૂલ કહીને સ્ત્રી ને નવાજે છે. નિર્દોષ, નમણા બાળક જેવી ખીલતી કળી કેવું સ્મિત કરતી હોય છે!

અરે, પુષ્પ પ્રભુને પણ પ્રિય છે કારણ કે તે પોતાની સુગંધથી વાતાવરણને સભર બનાવે છે. અને પોતાના સૌદર્યથી સૃષ્ટિની શોભાને વધારે છે. રંગો અને સુવાસની આ દુનિયા આંખો દ્વારા આપણા હૈયામાં ઉતરે છે, પણ તેના પરથી તેના પરથી આપણે જીવન જીવવાની દ્રષ્ટી બદલી શકતા નથી. શા માટે?

દોસ્તો, ફૂલો એ પ્રકૃતિનો વૈભવ છે, રૂપ રાશિનો ખજાનો છે. ગુણોનો ભંડાર છે. સમગ્ર પ્રકૃતિ એનાથી રૂડી રૂપાળી લાગે છે. બગીચામાં ખીલેલા પુષ્પો તોડી પ્રભુચરણે ધરવા એ તો પૂજાની શરૂઆત થઈ ગણાય પરંતુ પૂજા પૂર્ણ ત્યારે થઈ ગણાય કે જયારે ખુદ માનવ પોતે જ પ્રભુના વિશ્વોદ્યાનમાં પુષ્પ બની મહેંકી ઠે અને પોતાના પાવન પમરાટ થકી સમગ્ર વિશ્વને સુરભિતપુલકિતમુખરિત કરી દે.ફૂલનો સ્વભાવધર્મ છે સૌરભ પ્રસરાવવાનો.એના છેલ્લા શ્વાસ સુધી એ નહિ ભૂલે. ફૂલોની વચ્ચે આપણે બેઠાં હોઈએ છીએ ત્યારે આપણું મન કેટલું બધું પ્રસન્ન થઈ જાય છે! વાતાવરણમાં મધ્માંધી ઉઠેલી સૌરભ દિલદિમાગમાં છવાઈ જાય છે! હસતું હસતું ખીલે ને કરમાય છે. હસતાં હસતા...સાવ અલ્પ જીવી છતાં ક્યાં નું ક્યાં પહોચી જાય છે! રૂપ અને ગુંથી દેવ શિરે ચડે છે. દેવોના ગળાનો હાર બની હરખાય છે! પ્રભુને પુષ્પ ધરતી વખતે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે

'ધરું પુષ્પો પ્રભુ પાદે, સેવા સાચી ન હું ગણું,
ઈશની ફૂલવાડીમાં બનું પુષ્પ સમાન હું

પ્રભુની પુષ્પવાટિકાને મારા કર્મપુષ્પ ભાવપુષ્પ અને અંતે જીવનપુષ્પથી સુરભિત કરીશ... દોસ્તો, ફૂલનો જીવન સંદેશ છે કે, નિરર્થક એવા દીર્ઘ જીવન કરતાં સાર્થક એવું અલ્પ જીવન પણ વધારે મહત્વનું છે.

મિત્રો, બાગની દુનિયાને માળી ફૂલનું જતન કેટલી ચીવટથી કરે છે! પોતાના શ્રમનો પરસેવો પાડીને ઉત્તમ ઉદ્યાનનું સૃજન કરે છે. એ માળી સમય જતા પોતાના હાથ વડે હસતા ગાતા ફૂલોને ચૂંટી લે છે ને બજારમાં જઈને વેચી દે છે. આપણે આપણા સ્વાર્થ કાજે ફૂલોનો ઉપયોગ કરીએ છીએ. પેલો માળી રક્ષક પણ બને છે ને ભક્ષક પણ બને છે. છતાં ફૂલો હસતા હસતા દુનિયાની વિદાય લે છે.

એમનામાં રૂપ હતું, સુગંધ હતી, યુવાની હતી ત્યારે તેની ખુશામત કરનારા ને ચાહનારા કીટભ્રમર, જીવજંતુ કેટલી બધી સંખ્યામાં એની આસપાસ વીંટળાઈ વળતા હતા! એ જ ફૂલો જયારે કરમાઈને ચીમળાઈને અસ્ત પામવાની ક્ષણે પહોચે છે, ધરતી પર રગદોળાય છે, તેની પાંખડીઓ અહી તહીં ઉડે છે ત્યારે પેલા ખુશામત કરનારા પ્રેમ કરનાર ક્યાં જતા રહે છે! ફૂલો કાદવ અને કંટકોની વચ્ચે ખીલે છે, ખૂલે છે ને ખરે છે છતાં પોતાની સજ્જનતા છોડતા નથી. ચંદન વૃક્ષની જેમ સૌરભ ત્યજતા નથી.

દોસ્તો, આ જીવન પણ એક બાગ છે આપણે સૌ ફૂલો છીએ. બાગમાં પાંગરતી નાજુક નમણી કળીઓ શા નિર્દોષને નિર્મળ બાળકો છે. તો કરમાવાનાં આરે પહોચેલા વૃદ્ધો પણ છે. જીવનોદ્યાનના પુષ્પોનું સર્જન કરનારો અને ચૂંટી લેનારો માળી પણ આપણી સન્મુખ અદશ્ય બની ઉભો છે. આપણી આ અલબેલી દુનિયામાં પચરંગી માનવ ફૂલડાં છે. રંગીન મિજાજના માણસોમાં પેલા પુષ્પોના રૂપ અને ગુણનું સામ્ય ક્યાં જોવા મળે છે? માનવ ફૂલડાં તો સુવાસ ફેલાવાને બદલે અશાંતિ પાશવીપણું ને વિનાશની બદબૂ ફેલાવ્યા કરે છે. વિશ્વ આજે યુદ્ધની કારમી વિભીષિકાથી ધ્રુજે છે. કહેવાય છે ને 'અંતરથી અંતરનું વધી ગયું અંતર!! માનવીના માંહ્યલા તિરાડો પડી છે. મગજ મોટું થવા લાગ્યું ને હૈયું સંકોચવા લાગ્યું છે... ઈર્ષ્યા, સ્વાર્થ, વહેમ, દ્રોહ અને ઘૃણાના જાળા બાજયાં છે. સુવાસને સ્થાને બદબૂના પ્રદુષણથી સૌ ગૂંગળાવા લાગ્યા છે. પેલા પુષ્પોની જેમ જે સુગંધ પ્રસરાવે છે તેમની દશા શું એ ફૂલોના જેવી નથી થતી?

જેમની પાસે સત્તા, સંપત્તિ, વૈભવ, રૂપ છે, શીલ છે તેવાની ખુશામત કરી તેઓને ચાહનારા પતંગિયાને ભમરાઓ કેવા વીંટળાઈ વળે છે? આપણી આસપાસ કાદવ ને કંટકો કેટલા બધા?! આપણે આપણી સૃજનતાને ક્યારેક વિસારી દઈએ છીએ! મહેકવાનું પણ ભૂલી જઈએ છીએ! ખીલવું ને ખીલાવવું ભૂલી જઈએ છીએ! અન્યને આનંદ આપવાને બદલે દુઃખી વ્યથિત કરીએ છીએ. ફૂલો કોને નથી ગમતા? સુગંધ કોને શાતા નથી અર્પતી? શું આપણે એવા પુષ્પો ન બની શકીએ?!! શું આપણે હસતા હસતા પેલા ફૂલની જેમ દુનિયામાંથી વિદાય ન લઈ શકીએ?

રંગીન પુષ્પો આપણને પ્રેમ,શાંતિ, પ્રગતિ, સ્વાર્પણ, પરમાર્થ, આનંદ વગેરે જીવનમાં ઉતારવાનું અને અન્ય કાજે જીવી જવાનું સૂચવે છે. માનવ જીવનમાં પુષ્પની મુખ્યત્વે ચાર વાતો જોવા મળે તો ઘણું..... એક રંગ બીજું સુગંધ ત્રીજું માર્દવ અને ચોથું મકરંદ પુષ્પની તુલનામાં સફળતાથી ઉભા રહેવા માટે માનવનું જીવન પણ રંગીન, સુગંધી, મૃદુ અને મકરંદયુક્ત હોવું જોઈએ.

રંગીન એટલે બાહ્ય ટાપટીપ જ નહિ પણ અંતઃ સૌંદર્ય ખીલવવાનું છે. શારીરિક સૌષ્ઠવ મન બુદ્ધિ પ્રભુ ભક્તિના રંગે રંગાયા હોય તે જ લોક જગતને નવો રંગ આપી શકે માણસના દિલમાં ઈશ્વર, ગુરુ, માબાપ, સમાજ, ધર્મ, સંસ્કૃતિ તેમજ રાષ્ટ્ર માટેની ભક્તિ ભાવનાનો રંગ લાગેલો હોવો જોઈએ.

માનવનું જીવન પુષ્પની માફક સુગંધી હોવું જોઈએ. અત્તર કે પરફ્યુમથી તો કપડાં કે ચામડી મહેકે પરંતુ જીવન તો ચારિત્ર્યની સુવાસથી મહેકે છે. ચારિત્ર્યનિષ્ઠ નાગરીકો દેશને સમૃદ્ધ કરી શકે છે. સંપત્તિ કરતા શીલ અદકેરું છે.

માનવનું જીવન મૃદુ હોવું જોઈએ. મહામાનવોના હૈયા વજથી કઠોર અને પુષ્પથી કોમળ હોય છે. પ્રેમનું માર્દવ માનવને મહિમાવાન બનાવે છે. કઠોર કે નઠોર ન બનતા દેખી દુનિયાના દુખો પીગળતા કોમળ હૈયા એટલે સંતમહંત ને શુરા... એમના અશ્રુઓ મોતીથી પણ મોંઘા હોય છે!

માણસે જીવનમાં જ્ઞાનનો મકરંદ મેળવવો જોઈએ. જ્ઞાન એ પ્રકાશ છે. અભય આપે છે. જ્ઞાન માણસને ચિંતામુક્ત કરે છે. સાચો જ્ઞાની હળવોફૂલ હોય છે... આમ ભક્તિના રંગથી રંગીન, ચારિત્ર્યની સુગંધથી સુવાસિત પ્રેમના માર્દવથી મૃદુ અને જ્ઞાનના મકરંદથી સભર એવો માનવ ઈશ ઉદ્યાનમાં સાચે જ પુષ્પ સમાન મહેકી ઉઠે! જીવન પુષ્પથી સૃષ્ટિની શોભા વધારવી એ જ સાચી પ્રભુ પૂજા છે.

માનવ શું દાનવવૃત્તિ ત્યજી દેવત્વ તરફ ન જઈ શકે?

શું આપણે ફૂલ બની ફોરમ પ્રસરાવી ન શકીએ?

ચાલો આપણે આપણા કર્મપુષ્પ, ભાવપુષ્પ અને અંતે જીવનપુષ્પ પણ સુરભિત બનાવી ઈશ ચરણે ધરીએ!!!

**સ્પર્શમણિ -**

એક હતું ફૂલ,

એ કહે: 'મારી સુગંધ હું મારી પાસે જ રાખીશ, મારી તિજોરીમાં રાખીશ. હું એનો એકલો માલિક બનીને રહીશ. બીજા કોઈને તે નહિ આપું! સુગંધને મારા ઘરમાંથી બહાર નીકળવા જ નહિ દઉં તો! સુગંધને બંધ રાખવા એણે પાંખડીઓની દીવાલ રચી, પણ સુગંધ તો રોકી રહી નહિ. દીવાલો ભેદી ને એ બહાર નીકળી અને પવન પર સવાર થઈને ચાલી.

ફૂલ માથું હલાવી, હાથ વીંઝીને કહે,: 'અરે મારી સુગંધ, મારી દીકરી, તું પછી આવ, તારે ક્યાંય જવાનું નથી... તું મારા ઘરમાંને ઘરમાં રહે બેટા! હું તને ખૂબ સાચવીને રાખીશ ફૂલ બૂમો પાડતું જ રહ્યું, પણ સુગંધે કઈ સાંભળ્યું નહિ.

સુગંધની વાતોનો જવાબ આપ્યો પવને.

તેને કહ્યું: ' અરે ભાઈ ફૂલ, જે સુગંધ તારું ઘર મેલીને બહાર નીકળે છે તેને લોકો તારી સુગંધ કહે છે, જેને તું ઘરમાં પૂરી રાંખે છે તેને કોઈ સુગંધ કહેવાનું નથી.

હવે ફૂલે સુગંધને કહ્યું ; 'જા બેટી, મા બાપનું નામ રોશન કર!

**- રવિન્દ્રનાથ ઠાકુર (અનુ.રમણલાલ સોની)**

# ૨૧ જૂન યોગ દિવસ નરેન્દ્ર મોદી માટે હોદ્દો વડાપ્રધાન કામ માર્કેટિંગ મેનેજર

## તંદુરસ્ત સમાજ

- રાજેશ એસ. પટેલ

આપણી લેખમાળામાં વિષયાંતર થયું તેવું લાગશે. પણ ના આ તંદુરસ્ત સમાજને લાગતો જ વિષય છે. અચ્છે દિન આયેગેથી શરૂઆત કરનાર નરેન્દ્ર મોદી આજે દુનિયાના નંબર વન માર્કેટિંગ મેનેજર તરીકે ઉભરી રહ્યા છે.

એક જ દિવસનો યોગ અને દુનિયાના રેકર્ડ તૂટી જશે. ૨૧ જુને વડાપ્રધાન નરેન્દ્ર મોદી આખી દુનિયાને યોગ કરાવી સ્વામી રામદેવનો રેકોર્ડ તોડી નાખશે. અત્યાર સુધી યોગ શબ્દ નામ પડે અને યોગી નજર સામે આવતા, હવે પછીના આવતા સમયમાં યોગ શબ્દ સાથે નરેન્દ્ર મોદી નજરમાં આવે તો નવાઈ ન પામતા.

આજે યોગને ફેલાવામાં સ્વામી રામદેવને જેટલો પરસેવો પાડ્યો છે તેના કરતાં લાખો ઘણો ઓછો પરસેવો પાડીને નરેન્દ્ર મોદીએ યોગને દુનિયા સામે લાવી દીધો છે. ધન્ય છે નરેન્દ્ર મોદીના માર્કેટિંગ ફંડાને.



નરેન્દ્ર મોદીનો હોદ્દો છે વડાપ્રધાનનો પણ કામ છે દેશના માર્કેટિંગ મેનેજરનું. ખરેખર આવા વડાપ્રધાન આજ ના સમયે દરેક દેશને ખપે.

પૂર્વમાં મ્યાનમારમાં જઈ આપનું લશ્કર કામ કરી આવે અને પશ્ચિમમાં પાકિસ્તાનમાં અસર કરે તે ખરો માર્કેટિંગ મેનેજર.

દુનિયાના દેશોના સંગઠનને યોગ દિવસ મનાવા માટે રાજી કરવું એ ખરેખર લોઢાના ચણા ચાવવાનું કામ છે. દુનિયા આખી યોગને ધાર્મિક ક્રિયા માનતું હોય, અને યોગને વિશ્વ સ્તરે માન્યતા અપાવવી તે ભારત માટે ખરેખર ગૌરવ લેવા જેવી વાત છે.

હકીકતમાં દુનિયામાં યોગ વિષે જે ગેર સમજ છે તે દુર કરવાનું કામ નરેન્દ્ર મોદીએ કરેલું છે.

સ્વચ્છતા અભિયાન હોય, મેક ઈન ઇંડિયા હોય કે યોગ, જેમ કંપનીની દરેક નવી પ્રોડક્ટ માટે નવી જાહેરાત કરવી પડે તેમ નરેન્દ્ર મોદી, દરેક નવા મુદ્દાને એક પ્રોડકટ ની જેમદુનિયામાં વેચે છે.

યોગના નામે હવે પથ્થરો પણ હલકા ફૂલ થઈને દુનિયાના બજારમાં તરવા લાગશે. રામદેવની પતાંજલિ આર્યુવેદનો વેપાર ડબલ થઈ જશે. રામદેવે ચૂંટણીમાં આપેલો લીંબુ જેવડો સપોર્ટ તરબૂચ જેવડા મોટા ફળ સ્વરૂપે મળશે અને ભારતને વિદેશી હૂંડિયામણ કમાવી આપશે.

સારુ જ છે. ભારતીય દેશી દવાઓ દુનિયાના દેશોમાં ડંકો વગાડે એમાં કઈ ખોટું નથી. એલોપથીના જમાનામાં આર્યુવેદનો વિકાસ થાય તેમાં આપણા દેશનું ભલું જ થવાનું છે. અને અલોપથીની દવાઓની આડઅસરથી તો લોકો બચશે. આમાં લોકોનું ભલું જ છે.

સ્વામી રામદેવે જેટલું ભંડોળ યોગ કરાવીને નથી ભેગું કર્યું તેટલું ભંડોળ દવાઓના વેપારથી ભેગું કર્યું છે. જે કામ કપાલ ભાતી કરવાથી થાય તેમ છે તે કામ દવા ખવડાવીને કરાવામાં આવી રહ્યું છે.

સ્વામી રામદેવ નરેન્દ્ર મોદીના પહેલા મોટા માર્કેટિંગ મેનેજર તરીકે ઓળખાતા હતા હવે નરેન્દ્ર મોદી તેમનાથી સવાયા નહી દુનિયાના નંબર વન માર્કેટિંગ મેનેજર બની ચુક્યા છે.

જેમ વૈદ રોગની નસ પકડીને રોગ પકડે તેમ નરેન્દ્ર મોદી પણ શોશિયલ વૈદ છે. લોકોની દુઃખતી નસ કઈ છે તે પકડવામાં, અરે દુનિયાના લોકોની દુઃખતી નસ પકડવામાં માહેર છે. જે માર્કેટિંગ મેનેજર લોકોની જરૂરિયાતની નસ પકડી જાણે તે તેની કંપનીનો માલ લોકોને વેચી શકે. તે રીતે નરેન્દ્ર મોદી દુનિયાના લોકોની દુઃખતી નસ પકડી જાણે છે અને તેનો તરત માર્કેટિંગ મેનેજરની રૂપે અમલ કરી જાણે છે. અને દુનિયામાં વાહવાહ કમાઈ જાણે છે.

બુદ્ધિ હોવી એક વાત છે અને અમલ કરાવી જાણવો એ અલગ વાત છે. નરેન્દ્ર મોદી બુદ્ધિશાળી છે અને તેનો અમલ પણ કરાવી જાણે છે. મહેતાજી ભણેલા હોય પણ, મારે પણ નહિ અને ભણાવે પણ નહિ. એવા મહેતાજી શું કામના?

આપના મહેતાજી બુદ્ધિશાળી પણ છે અને ભણાવી પણ જાણે છે. નરેન્દ્ર મોદીને ખબર છે લોકોને વહેલા ઉઠીને યોગ કરવા કેટલું કપરું કામ લાગે છે. છતાં યોગનું માર્કેટિંગ કરવુ જ રહ્યું. કેમ કે લોકો યોગના નામે કમસે કમ આર્યુવેદિક દવાઓ તો વાપરતા થશે. જેમ ભારતની ફાર્માસ્યુટિકલ કંપનીઓએ દુનિયામાં નામ કાઢ્યું છે તેમ ભારતની આર્યુવેદિક કંપનીઓ પણ દુનિયામાં નામ કાઢશે. તેમનો વેપાર બમણો થશે. અને છેલ્લે ફાયદો તો દેશને જ છે. હવે દર વર્ષે ૨૧ જુને યોગ અને આર્યુવેદિક દવાઓ માટેનો માર્કેટિંગ દિવસ બની જશે.

યોગ દિવસે દુનિયામાં ભારતના યોગની વાહવાહ થશે, આર્યુવેદની દવાઓ થોકબંદ વેચાશે અને યોગ ટીચરો પણ એક્ષ્પોર્ટ થશે તે નફાનું.

તમને થશે તમે યોગ ટીચર થઈને આવી વાતો કેમ કરો છો ? મને એટલી ખબર પડે જે કામ કાપલભાતી કરવાથી થાય તે કામ દવા ખવડાવીને ના કરવું જોઈએ. આર્યુવેદ દવાઓ આખી જીન્દગી ખાવી એ પણ દારૂના નશા જેવી છે. દારૂને વેચી ખવાય, પીવાય નહિ. આજે રામદેવની દવાઓ બીપી, ડાયાબીટીસ, કબજિયાત, વગેરેની કાયમી ખવાતી દવાઓ પુષ્કર વેચાય છે. લોકોને યોગ કરી રોગ મુક્ત થવું જ નથી. ૨૧ જુને યોગ દિવસ મનાવી દેવામાં આવશે. નાના બાળકો, સરકારી કર્મચારી, કોલેજના છોકરાઓ, લોકોના ટોળા ભેગા કરી દેવાશે. જીલ્લા દીઠ લાખો વપરાઈ જશે. પછી શું? બીજા દિવસે ઠેરના ઠેર. લોકો એક દિવસ યોગની વાતો કરશે પછી દવાના સહારે ચાલુ.

લોકોને સાજા થવું જ નથી. પરાણે સાજા કરવા છે. લોકો પૈસા કમાવા આખી જીન્દગી ખર્ચી કાઢે છે પણ શરીર તંદુરસ્ત રાખવા કશું કરવું નથી. મફ્ત રોગમુક્ત થઈ શકાય છે. કોઈ કસરત, યોગ કે આર્યુવેદ કે એલોપથીની દવાઓ વગર કાયમી રોગ મુક્ત થઈ શકાય છે પણ લોકોની ઈચ્છા શક્તિ જ નથી.

ઈમરજન્સી માટે એલોપથી બેસ્ટ છે. આરામથી સાજા થવા આર્યુવેદ સરસ છે, હોલે હોલે થવા હોમિયોપેથી સારી છે પણ કશું કર્યા વગર સાજા થવા ખોરાક બદલવો બેસ્ટ છે. કુદરતી ખોરાક ખાઓ રોગમુકત બનો અને રહો, જેમને કશું કરવું નથી તેમના માટે નરેન્દ્ર મોદી જેવા માર્કેટિંગ મેનેજરો તૈયાર જ છે.

# બધી જ સાંસ્કૃતિક ધરોહરોમાંની એક ધરોહર એટલે યોગ

## યોગ નિરામય


- ડૉ. કેદાર ઉપાધ્યાય

ભારતીય સંસ્કૃતિ પ્રાચીનત્તમ સંસ્કૃતિઓમાંની એક છે. જયારે આપણી આ સંસ્કૃતિનો પરિચય આપવાનો થાય ત્યારે અમુક બાબતો તરફ ચોક્કસ ધ્યાન પડે. જેમ કે વેદ, ઉપનિષદ, તત્ત્વજ્ઞાન, ધર્મ, આયુર્વેદ અને યોગ.

આ દરેક બાબતો હજારો વર્ષ જૂની છે. પણ આજેય એપ્લીકેબલ હોય એ પછી વેદ ઉપનિષદના વિચારો હોય કે આયુર્વેદનું ચિકિત્સાશાસ્ત્ર કે પછી યોગની પ્રક્રિયાઓ.

આ બધી જ સાંસ્કૃતિક ધરોહરોમાંની એક ધરોહર એટલે યોગ. આજે યોગ વિશે ગર્વ થાય એવી બાબત એ કે આગામી રવિવારે એટલે કે ૨૧મી જૂને આપણે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરીશું. આમ તો વિશ્વના લગભગ દરેક દેશોએ યોગને માન્યતા આપી છે. (આમ તો એવું કહેવું પડે કે એ દેશોનું સૌભાગ્ય છે કે તેઓને યોગ જેવી પ્રક્રિયાઓને જાણવાનો - અનુભવવાનો ચાન્સ માળ્યો) અને હવે એ હકારાત્મક - અભિગમને ૨૧ જૂનના 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ના લેબલથી વેરીફાઇડ સર્ટીફિકેટ મળી ગયું છે.

૨૧મી સદીમાં માનસિક રોગો તેમજ લાઇફ સ્ટાઇલ રીલેટેડ રોગોનું રાજ ચાલે છે. આધુનિક ચિકિત્સા પદ્ધતિઓ - ઇન્વેસ્ટીગેશન તથા હાઇટેક સર્જરીઓના કારણે મુખ્યત્વે શરીર સંબંએધી રોગોનું જોર ઘટ્યું છે. પણ પ્રતિષ્ઠા - દબાવ - ટકી રહેવાની હોડ આદીને કારણે માનસિક રોગો ઘર કરતા જાય છે. લોકોના દિવસના કામ કરવાના કલાકો નક્કી નથી. કોઇક નાઇટ શિફ્ટમાં નોકરી કરે, કોઇ સાંજ પડ્યે કામ કરીને ઘરે તો આવી જાય પણ મોડી રાત સુધી તેનું મન હજુ ઓફિસમાં જ પરોવાયેલું હોય - આવી વિચિત્ર લાઇફ સ્ટાઇલને કારણે પણ ઘણાખરા રોગો ઉદ્‌ભવ્યા છે. આવા રોગોમાં કમનસીબે હજુ આધુનિક વિજ્ઞાન નિઃસહાય છે. આવા સમયે વ્યક્તિને ઉપચાર તરીકે કાર્ય કરી શકે તેવી પદ્ધતિઓમાં મુખ્ય યોગ છે. પહેલા એવી માન્યતા હતી કે યોગ હિમાલયમાં તથા આશ્રમોમાં જ થાય. પણ હાલ યોગ ન્યુયોર્કના ટાઇમ્સ સ્કર્વેયરમાં પણ થાય છે. આ પાછળનું કારણ એ જ કે લોકોને યોગની શક્તિઓનો ખરો ખ્યાલ આવ્યો છે. અલબત્ત મૂળ અષ્ટાંગ યોગની જગ્યાએ અત્યારે અલગ-અલગ પ્રકારના યોગ (યોગા)નું અસ્તિત્વ ખીલ્યું છે. અમુક યોગાચાર્યોએ પોતાની પદ્ધતિઓ વિકસાવી છે અને તેનું માર્કેટિંગ કરવામાં ઓવ છે.



આમ, અમુક અંશે યોગ એ બિઝનેશનું સ્વરુપ ધારણ કરી રહ્યો છે. કદાચ ઋષિ પંતજલિની આત્મા આ બધું જોઇને દુઃખી હશે. પણ પ્રેક્ટીકલી વિચારીઓ તો આ બિઝનેશની પાછળનો હેતુ શુદ્ધ હોય અને જે - તે યોગ પદ્ધતિ દ્વારા તેના સાધકને સંતોષ હોય તો આ બિઝનેશ સાર્થક ગણી શકાય.

મૂલતઃ જોઇએ તો યોગનો હેતુ સમાધિ સુધી પહોંચવાનો છે. મહર્ષિ પતંજલિ સહિત દરેક આધાચાર્યોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે યોગ દ્વારા મળતી સિદ્ધિઓ - પ્રસિદ્ધિઓ ફક્ત એક મુકામ માત્ર છે એ અંતિમ પડાવ નથી. અંતિમ પડાવ સમાધિ છે. આ યાત્રાને આજના સંદર્ભે વિચારીએ તો આપણામાંના લગભગ દરેક સંસારી જીવો સમાધિ સુધી પહોંચવાની અપેક્ષા કે ક્ષમતા ન ધરાવતા હોય એવું બની શકે આથી આપણે લોકોએ જ યોગ દ્વારા થતા લાભોને પામવા - અનુભવવા માટેના શોર્ટકટ બનાવ્યા છે, જે વ્યાજબી છે. આ શોર્ટકટ એટલે વિવિધ પ્રકારના ધ્યાનની ટેકનિકલ, મેડીટેશન રીલેકસેશના સેશન, પ્રાણાયામ - આસનો વડે સ્વાસ્થ્ય સંવર્ધન, યોગનિંદ્રા, આદિ...

દરેક વ્યક્તિનો હેતુ સમાધિ નથી... જો યોગ કરવાથી કોઇ વ્યક્તિનું સ્વાસ્થ્ય જળવાતું તથા સુધરતું હોય, જો ધ્યાન કરવાતી કોઇ વ્યક્તિને માનસિક શાંતિ મળતી હોય - તેનું સ્ટ્રેટ લેવલ ઘટતું હોય, તો યોગનો હેતુ સિદ્ધ થયેલો જ ગણાય. હા, એટલું ખરું કે આજે યોગ ના નામે રળી લેવા માટે કેટલાક નર્યા ઠગ ભગતો પણ માર્કેટમાં લાઉડ સ્પીકર લઇ ફરે છે અને ઘણા લોકોને યોગના નામે ફસાવે છે, આના પર લગામ મુકવી જોઇએ બાકી ધર્મ-જાતિ-રંગભેદને યોગ સાથે કોઇ નિસ્બત નથી કારણ કે વિશ્વના દરેક ધર્મોનો મૂળ હેતુ માટેનું જ માધ્યમ છે. વળી, રોગો ધર્મ-જાતિ કે રંગ જોઇને આવતા. જો ઇન્જેકશન લેવામાં કે ટીકડીઓ ફાંકવામાં કોઇ ધર્મ કે રંગભેદ ન નડતો હોય તો યોગ તો આ બધી સ્થૂળ વિભાવનાઓ કરતા કયાંય ઉત્કૃષ્ટ છે. ટૂંકમાં, યોગ સમષ્ઠિ માટે છે. નદી વહ્યા કરે છે તેમાં હાથ-પગ બોળવા, ન્હાવું કે કોરા રહેવું એ આપણા પર છે.

વિશ્વ યોગ દિવસની આગોતરી શુભેચ્છાઓ.